## દિવાળી વેકેશનને લઈ દમણમાં પર્યટકોનો જમાવડો



ધર્મેશ પટેલ

■ દિવાળી વેકેશનને લઈ સંઘપ્રદેશ દમણમાં પર્યટકોનો જમાવડો હાલના દિવસોમાં જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં પર્યટકો પ્રદેશની મુલાકાતે આવતા નાના મોટા ધંધા રોજગારમાં પણ તેજી જોવા મળી રહી છે. દર વર્ષે દિવાળી વેકેશનમાં દક્ષિણ ગુજરાતની સાથે વડોદરા, અમદાવાદ, મુંબઈ અને મહારાષ્ટ્રથી મોટી સંખ્યામાં પર્યટકો દમણની મુલાકાતે આવતા હોય છે. ત્યારે આ વર્ષે પણ દિવાળી વેકેશનને લઈ દમણમાં મોટી સંખ્યામાં વિવિધ શહેરોમાંથી પર્યટકો દિવાળી વેકેશનની રજા માણવા અર્થે આવી રહ્યા છે. ખાસ કરીને નાની દમણના દરિયા કિનારે બનેલા અત્યાધુનિક નમોપથ દરિયા કિનારે મોટી સંખ્યામાં પર્યટકોની સંખ્યા જોવા મળી હતી.

# અંભેટી નજીક મહારાષ્ટ્રની બસ પલટી, 5 મુસાફરને ઈજા

**બસ** વાપીથી નાશિક જઈ રહી હતી

**રોડ** પર પડેલા ખાડામાં ટાયર પટકાતા બસનો રોડ તૂટી જતા ચાલકે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા પલટી મારી ગઈ

**વાહન** ચાલકો અને સ્થાનિકોએ બસનો ઇમરજન્સી કાચ તોડી મુસાફરોને બહાર કાઢ્યા





વલસાડ : વાપીથી નાશિક જઈ રહેલી મહારાષ્ટ્ર પરિવહન સેવાની સરકારી બસ બુધવારે વાપી-નાનાપોંઢા વાયા સુખાલા માર્ગ ઉપર અંભેટી નજીક ખાડાને લઈ માર્ગની બાજુમાં પલટી ખાઈ જતાં 5 થી વધુ મુસાફરને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેમને 108 મારફત નાનાપોંઢા સામૂહિક આરોગ્ય કેન્દ્ર લઈ જવાયા હતાં. જોકે મોટી દુર્ઘટના થઈ ન હતી. બસમાં 35 જેટલા મુસાફર હોવાનુ જાણવા મળ્યું છે. રોડ પર પડેલા ખાડામાં બસનું ટાયર પટકાતા બસનો રોડ તૂટી જતા ચાલકે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડની સાઈડમાં પલટી મારી ગઈ હતી. જોકે, ઘટનાને જોઈ કેટલાક વાહન ચાલકો અને સ્થાનિકોએ આવી બસનો ઈમરજન્સી કાચ તોડી મુસાફરોને બહાર કાઢ્યા હતા. જોકે ઘટના સમયે કોઈ વાહન આવતું ન હોઈ મોટો અકસ્માત ટળ્યો હતો. મહારાષ્ટ્રના પેઠ એસટી ડેપોની બસ નં. એમએચ-07-સી-9525ના કંડક્ટર તુકારામ ઝીપર સાઠેએ આ ઘટના અંગે નાનાપોંઢા પોલીસ મથક ખાતે ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

**વાપી ડેપો દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નહીં**

વાપી એસટી ડેપો મેનેજર માહલાનો મોબાઈલ ઉપર સંપર્ક કરતા તેઓ બહાર હોવાનુ અને ઘટના અંગે કોઈપણ માહિતી તેમની પાસે ન હોવાનું જણાવી માહિતી મળે એટલે મોકલાવું તેમ કહ્યું હતું. જોકે કોઈ વિગત આપી ન હતી.



ધર્મેશ પટેલ

# રોકાણકારો સાથે રૂપિયા ૨.૯૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરનારા ત્રણના ત્રણ દિવસના રિમાન્ડ

**ચીખલીના** મજીગામમાં સમર ગ્રુપ નામનું ગ્રુપ ઉભું કરી ઊંચા વળતરની લાલચે રોકાણ કરાવી વિશ્વાસઘાત કર્યો હતો

ઘેજ : ચીખલી તાલુકાના મજીગામ ગામે સમર ગ્રુપ નામનું ગ્રુપ ઉભું કરી ઊંચા વળતરની લાલચ આપી રોકાણકારો પાસે રૂપિયા ૨.૯૪ કરોડ રૂપિયાનું રોકાણ કરાવી પરત ન કરી વિશ્વાસઘાત કરનાર સમર ગ્રુપના ઝડપાયેલા બે ડિરેક્ટરો અને એક કર્મચારીને કોર્ટમાં રજૂ કરતાં ત્રણ દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા હતા.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૯ માં મજીગામ ગામે સમર ગ્રુપ નામનું ગ્રુપ ઉભું કરી ૧૪૫ થી વધુ રોકાણકારોને ઊંચા વળતરની અને નવી ટુ બ્રધર્સ મુતુલ નિધિ લિમિટેડ નામની મોટી કંપની ખોલવાની છે. તેવી લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઈ અલગ અલગ સ્કીમ બનાવી એજન્ટો મારફતે રૂપિયા ૨,૯૪,૧૧,૮૦૦ નું રોકાણ કરાવી રકમ પરત આપી ન હતી. ઉપરોક્ત રોકાણની રકમ સામે પાકતી મુદતે રૂપિયા ૫,૦૨,૩૬,૨૦૫ પાકતા હોવાનું જણાવી ચીખલીથી લઈ ઉમરગામ-ગોરેગામ તથા અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા સુધીના લોકોને ગોલ્ડ સ્કીમ, ડીજીટલ વોલેટ, એફડી સ્કીમ, બાઈક સ્કીમ સહિત વિવિધ સ્કીમો બનાવી સમર ગ્રુપ કંપનીમાં રોકાણ કરવાની પાકતી મુદતે દસ મહિનાના તથા બાર મહિનાના એફડી પ્લાનમાં અનુક્રમે ૭૫-ટકા અને ૯૫-ટકા વ્યાજ આપશે તેવી લોભામણી જાહેરાતો આપી રોકેલા નાણાં પાકતી મુદતે પરત ન આપ્યા હોવાનું બહાર આવતા પોલીસે સમરગ્રુપના ડિરેક્ટરો ઉપરાંત કર્મચારી સામે વિશ્વાસઘાત-છેતરપિંડી અને ગુજરાત પ્રોટકેશન ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સની કલમની જોગવાઈ મુજબનો ગુનો નોંધી સમર ગ્રુપના ડિરેક્ટરો મીરલ મહેશ પટેલ (રહે.મજીગામ) તથા ચેતાલી સાગર રાઠોડ (રહે.કસ્બા ફળીયા ચીખલી) અને કર્મચારી અનિલ બાબુભાઈ રાઠોડ (રહે.દશેરા ટેકરી. નવસારી) કોર્ટમાં રજુ કરતા કોર્ટે આગામી ૮ નવેમ્બર ૨૦૨૪ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા ત્યારે રિમાન્ડ દરમ્યાન છેતરપિંડીનો આંકડો હજુ પણ વધવાની શક્યતાઓ રહેલી છે.

# વાપી ડેપોનો અંધેર કારભાર, બસ અટકાવી દેવાતા રાત્રે મુસાફરો અટવાયા

**બસમાં** ખામી સર્જાતા બસને મનાલા સુધી જ દોડાવવામાં આવતા મુસાફરોએ અન્ય વાહનોનો સહારો લેવો પડ્યો

**ડુંગરાળ** વિસ્તાર હોવાના કારણે બસ અટકાવવામાં આવી : નિયામક

વલસાડ : વાપી ડેપોથી સાંજે ઉપડતી વાપી ઘાણવેરી બસ ભૌગોલિક પરિસ્થિતિને લઈ મીની બસ મૂકવામાં આવી છે, જોકે બસમાં ટેક્નિકલી ખામી સર્જાતા બુધવારે મોટી બસ ફાળવવામાં આવતા બસને મનાલા સુધી જ દોડાવવામાં આવતા ઘાણવેરી સહિતના ગામોમાં જતાં મુસાફરો અટવાતા અન્ય વાહનોનો સહારો લેવો પડ્યો હતો. આ અંગે વલસાડ એસ.ટી.ડિવિઝનના વિભાગીય નિયામક એન.એસ.પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે આ રૂટની મીની બસ રીપેરમાં હોઈ મુસાફરોની સુવિધા માટે મોટી બસ આપવામાં આવી હતી. જોકે ડુંગરાળ વિસ્તાર હોઈ મોટી બસ હોઈ બસ મનાલા અટકાવવામાં આવી હતી.

























